# પ્રારંભિક ફ્રેંચ ઇમર્સન

tdsb French

## પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન શું છે?

પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન ફ્રેન્ચ ભાષાનો એક સઘન કાર્યક્રમ છે જે શરૂ થાય છે કિન્ડરગાર્ટનથી અને તે ગ્રેડ 12 સુધી ચાલુ રહે છે. ગ્રેડ JK થી 3 માં તમામ વર્ગ પ્રવૃત્તિઓ ફ્રેન્ચમાં હાથ ધરવામાં આવે છે. નિષ્ણાત વિષય (દા.ત. આરોગ્ય અને શારીરિક શિક્ષણ) અંગ્રેજીમાં શીખવવામાં આવી શકે છે. ગ્રેડ 4-8માં, પ્રોગ્રામ 50% ફ્રેન્ચ અને 50% અંગ્રેજીમાં શીખવવામાં આવશે.

### કોણ અરજી કરી શકે છે?

જુનિયર કિન્ડરગાર્ટનમાં પ્રવેશતાં તમામ બાળકો પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન માટે અરજી કરવા પાત્ર છે.

## પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન કોના માટે છે?

✓ એવાં પરિવારો માટે છે જેઓ ઘરે ફ્રેન્ચ સિવાય અન્ય ભાષા બોલે છે.

✓ અમે દૃઢપણે માનીએ છીએ કે તમામ વિદ્યાર્થીઓ બીજી ભાષા શીખવામાં સક્ષમ છે તેથી તમામ શિક્ષણ શૈલીઓ અને ભાષાની પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં આવકારવામાં આવે છે અને સમર્થન આપવામાં આવે છે.

✓ પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન કાર્યક્રમ એવાં તમામ પરિવારો માટે અનુકૂળ છે જેઓ ફ્રેન્ચમાં પ્રાવીણ્ય વિકસાવવાની તકમાં રસ ધરાવતા હોય.




## પ્રારંભિક ઇમર્સન કાર્યક્રમના લાભો

પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન કાર્યક્રમ કોઈપણ ભાષાની પૃષ્ઠભૂમિ ધરાવતા વિદ્યાર્થીઓને ફ્રેન્ચમાં ઉચ્ચ સ્તરની નિપુણતા વિકસાવવા દે છે. આ રીતે અન્ય ભાષાનો અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓને અન્ય ઘણા લાભો પણ મળે છે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

✓ અન્ય ભાષામાં અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓની પોતાની મૂળ ભાષાના કૌશલ્યમાં વધારો થાય છે.

✓ ભાષા શિક્ષણ અન્ય જ્ઞાનાત્મક લાભો પ્રદાન કરે છે જેમ કે ઉચ્ચ વિકસિત વિચારસરણી અને શીખવાની કુશળતા કે જે વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસના તમામ ક્ષેત્રોમાં લાગુ પાડે છે.

✓ એક કરતાં વધુ ભાષામાં નિપુણતા વિદ્યાર્થીઓ માટે ભવિષ્યની તકોના દરવાજા ખોલે છે અને વિવિધ સંસ્કૃતિઓ અને ઓળખો વિશેની જાગૃતિને પ્રોત્સાહન આપે છે.

✓ દ્વિભાષી વિદ્યાર્થીઓના એકંદર સંચાર કૌશલ્યનો મજબૂત વિકાસ થાય છે અને અન્ય વધારાની ભાષાઓ વધુ સરળતાથી શીખી શકે છે.

## અરજીની માહિતી

પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન પ્રોગ્રામ અને અરજીની પ્રક્રિયા વિશેની માહિતી માટે, કૃપા કરીને www.tdsb.on.ca/French ની મુલાકાત લો.

હાલમાં, પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન કાર્યક્રમ માટેની અરજીનો સમય દર વર્ષે **નવેમ્બરમાં** હોય છે. હાલમાં, પ્રારંભિક ફ્રેન્ચ ઇમર્સન કાર્યક્રમ માટેની અરજીનો સમય દર વર્ષે નવેમ્બરમાં હોય છે. જો તે વર્ષ માટેની અરજીની સમયમર્યાદા અંગેની માહિતી માટે કૃપા કરીને સપ્ટેમ્બરની શરૂઆતમાં વેબસાઇટનો સંદર્ભ લો.

એ નોંધવું અગત્યનું છે કે જ્યારે પ્રોગ્રામમાં તમામ યોગ્ય એવા સમયસર અરજદારોને જગ્યા મળવાની ખાતરી હોય છે, ત્યારે કોઇ એક ચોક્કસ શાળામાં જગ્યા મળવાની ખાતરી હોતી **નથી**.

# પ્રારંભિક ફ્રેંચ ઇમર્સન

tdsb French

## સંશોધન શું કહે છે?

"FI માંના વિદ્યાર્થીઓ ફ્રેન્ચમાં અદ્યતન પ્રાવીણ્ય મેળવે છે અને સાથોસાથ શાળાના વિષયવસ્તુ (વિજ્ઞાન, સામાજિક અભ્યાસ, ગણિત વગેરે) નો અંગ્રેજીમાં અભ્યાસ કરતા એમના જેવા જ વિદ્યાર્થીઓની સમકક્ષ જ તેમાં નિપુણતા પ્રાપ્ત કરે છે."
(વેશે, **Wesche, 2002**)

કેનેડાના વિવિધ વિસ્તારોના અભ્યાસમાં જણાયું છે કે અંગ્રેજીમાં પરીક્ષણ કરવામાં આવે ત્યારે EFI અથવા MFI પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન અને સામાજિક અભ્યાસની સિદ્ધિઓમાં ઇમર્સન ની કોઈ નકારાત્મક અસરો જોવા મળી નથી.
(વેશે, **Wesche, 2002**)

બાળકની પ્રથમ ભાષા સામાજિક ભાષા ન હોવા છતાં, બાળકો બીજી ભાષા તરીકે અંગ્રેજી શીખવાની સાથે સાથે ફ્રેન્ચ જેવી વધારાની ભાષા સફળતાપૂર્વક શીખી શકે છે.
(ઓ'બ્રાયન, **O'Brien, 2017**)

આંકડા દર્શાવે છે કે ફ્રેન્ચ-ઇમર્સન પ્રોગ્રામ્સમાં નોંધાયેલા વિદ્યાર્થીઓએ વાંચન પ્રદર્શનમાં બિન-ઇમર્સન કાર્યક્રમોમાં રહેલા તેમના  7સમકક્ષો કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો.
**https://www150.statcan.gc.ca/n1/daily-quotidien/040322/dq040322a-eng.htm**

## સંદર્ભગ્રંથસૂચિ


Wesche, M.B. (2002) Early French Immersion: How has the original Canadian model stood the test of time? An Integrated View of Language Development, Petra Burmeister, Thorsten Piske, and Andreas Rohde (Eds), WVT Wissenschaftlicher Verlag Trier.
www.fmks-online.de/_wd_showdoc.php?pic=865

Statistics Canada, (2004) Student Reading Performance in Minority Language Schools.
https://www150.statcan.gc.ca/n1/daily-quotidien/040322/dq040322a-eng.htm

O'Brien (2017) Literature Review on the Impact of Second Language Learning, Canadian Association of Second Language Teachers.